


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 183
Dt.: 16-03-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa


### પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં ચૂંટણી યોજાશે

# પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીની વિધાનસભાની ચૂંટણીની તારીખો ભારતીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરી દેવામાં આવી છે. નવી દિલ્હી ખાતે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે અન્ય ચૂંટણી કમિશનરોની સાથે મળીને પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરી વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે. આપને જણાવી દઈએ કે, ૪ રાજ્યોમાં વિધાનસભાનો કાર્યકાળ મે ૨૦૨૬માં પૂરો થઈ રહ્યો છે, જ્યારે કેન્દ્ર શાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભાનો કાર્યકાળ જૂન મહિનામાં પૂરો થઈ રહ્યો છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરતા કહ્યું કે, આસામ, કેરળ અને પુડુચેરીમાં ૯ એપ્રિલે મતદાન થશે, જેના પરિણામો ૪ મેના રોજ આવશે. આસામ, કેરળ, પુડુચેરીમાં ૯ એપ્રિલે એક તબક્કામાં ચૂંટણી યોજાશે. જ્યારે મતગણતરી ૪ મે ૨૦૨૬ના રોજ હાથ ધરાશે.

પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરતા તેમણે કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલના રોજ બે તબક્કમાં મતદાન થશે. જ્યારે ૪ મે ૨૦૨૬ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે. તમિલનાડુમાં એક જ

**આસામ, કેરળ અને પુડુચેરીમાં ૯ એપ્રિલે મતદાન થશે, જ્યારે પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલના રોજ બે તબક્કમાં મતદાન યોજાશે**




તબક્કામાં ૨૩ એપ્રિલના રોજ મતદાન થશે, જ્યારે ૪ મે ૨૦૨૬ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીના પરિણામો ૨ મેના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. આ ચૂંટણીઓમાં મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કોંગ્રેસ ૨૯૪ વિધાનસભા બેઠકોમાંથી ૨૧૩ બેઠકો જીતીને સત્તામાં પાછી આવી હતી. જે ૨૦૧૬ની ચૂંટણીઓ કરતા શ્રેષ્ઠ પ્રદર્શન હતું. ૭૭ બેઠકો જીતીને ભાજપ પ્રથમ વખત રાજ્યમાં મુખ્ય વિપક્ષી પક્ષ તરીકે ઉભરી આવ્યો. ડાબેરી અને કોંગ્રેસ પક્ષનું ગઠબંધન - જે લાંબા સમય સુધી પશ્ચિમ બંગાળમાં સત્તા પર હતું, જે શૂન્ય બેઠકો પર સમેટાયું. ભારતીય ધર્મનિરપેક્ષ મોરચા અને સ્વતંત્ર ઉમેદવારોએ એક-એક બેઠક મેળવી હતી. ૨૦૨૧માં આ પાંચેય રાજ્યોની ચૂંટણીઓ ૨૬ ફેબ્રુઆરીએ યોજાઈ હતી. અગાઉના પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીઓ આઠ તબક્કામાં યોજાઈ હતી. ૨૦૨૧માં પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આસામ અને કેરળ વિધાનસભાઓની મુદત અનુક્રમે ૭ મે, ૧૦ મે, ૨૦ મે અને ૨૩ મેના રોજ સમાપ્ત થઈ રહી છે. પુડુચેરી વિધાનસભાનો કાર્યકાળ છેલ્લે ૧૫ જૂને સમાપ્ત થઈ રહ્યો છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું કે, "અંતિમ યાદી મુજબ, આસામમાં આશરે ૨.૫૦ કરોડ, કેરળમાં ૨.૭૦ કરોડ, પુડુચેરીમાં ૯.૪૪ લાખ, તમિલનાડુમાં ૫.૬૭ કરોડ અને ૨૮ ફેબ્રુઆરીએ જાહેર કરાયેલ અંતિમ યાદી મુજબ પશ્ચિમ બંગાળમાં ૬.૪૪ કરોડ મતદારો છે." ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં શાંતિપૂર્ણ, સુરક્ષિત અને નિષ્પક્ષ ચૂંટણીઓ યોજવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. પત્રકાર પરિષદ દરમિયાન જાહેર કરાયેલા આંકડા મુજબ, આ વિશાળ ચૂંટણી પ્રક્રિયાની સફળતા સુનિશ્ચિત કરવા માટે કુલ આશરે ૨૫ લાખ ચૂંટણી અધિકારીઓ અને સુરક્ષા કર્મચારીઓને તૈનાત કરવામાં આવશે.

- મતદાન સ્ટાફ (પોલિંગ કર્મચારી): લગભગ ૧૫ લાખ
- સુરક્ષા કર્મચારીઓ: ૮.૫ લાખ
- મતદાન માટે માઈક્રો ઓબ્ઝર્વર: લગભગ ૪૯ હજાર
- કાઉન્ટિંગ અધિકારી: લગભગ ૪૦ હજાર
- સેક્ટર ઓફિસર્સ: લગભગ ૨૧ હજાર
- કાઉન્ટિંગ માટે માઈક્રો ઓબ્ઝર્વર: લગભગ ૧૫ હજાર
- ઓબ્ઝર્વર: ૧,૪૪૪

### ચૂંટણી પહેલા સરકારી કર્મચારીઓને મમતા બેનર્જીની ભેટ

## પશ્ચિમ બંગાળમાં ૧૫ વર્ષ જૂનું DA એરિયર્સ ચૂકવવાની જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળ સરકારના કર્મચારીઓને રવિવારે મોટી ખુશખબર મળી છે. ચૂંટણીની તારીખોની જાહેરાત પહેલા જ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, રાજ્યના કર્મચારીઓનું ૨૦૦૯થી બાકી રહેલું મોંઘવારી ભથ્થું (DA) એરિયર્સ ચૂકવવામાં આવશે.

ચૂંટણી પંચ આજે પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ સહિત પાંચ રાજ્યોમાં ચૂંટણીની તારીખો જાહેર કરવા જઈ રહ્યું છે. ત્યારબાદ જે રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી થવાની છે, ત્યાં આદર્શ આચાર સંહિતા (MCC) લાગુ થઈ જશે. આવી સ્થિતિમાં રાજ્ય સરકારો કોઈ નવી જાહેરાત કરી શકશે નહીં. આચાર સંહિતા લાગુ થાય તે પહેલા જ મમતા બેનર્જીએ મોંઘવારી ભથ્થું એરિયર્સ સહિત અનેક મોટી જાહેરાતો કરી દીધી છે. મમતા બેનર્જીએ રવિવારે જાહેરાત કરી કે, તેમની સરકાર આ વર્ષે માર્ચથી પોતાના કર્મચારીઓ અને પેન્શનરો, જેમાં શિક્ષકો, બિન-શૈક્ષણિક કર્મચારીઓ અને અનુદાનિત (ગ્રાન્ટ-ઈન-એઈડ) સંસ્થાઓના કર્મચારીઓ સામેલ છે. તેમના DA (મોંઘવારી ભથ્થા)ના બાકી લેણાંની ચુકવણી કરશે. બેનર્જીએ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું કે, "અમારા નાણા વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા સૂચનાઓમાં જણાવેલ પદ્ધતિઓ અનુસાર, તેમને માર્ચ ૨૦૨૬થી ROPA ૨૦૦૯ના DA એરિયર્સ મળવાનું શરૂ થઈ જશે." આ બાકી રકમ 'પગાર અને ભથ્થાંના સુધારા' (ROPA) ૨૦૦૯ સાથે સંબંધિત છે. આ સરકારી કર્મચારીઓ અને પેન્શનરોની લાંબા સમયથી ચાલી આવતી માંગ હતી, જેમાં શિક્ષકો, મહાનગરપાલિકા અને પંચાયત કર્મચારીઓ તેમજ અન્ય અનુદાનિત સંસ્થાઓના પગાર અને ભથ્થાંનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના કર્મચારીઓના એક જૂથે આ વિવાદિત મુદ્દે DA એરિયર્સની ચુકવણીની માંગ સાથે સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં કર્મચારીઓને DAની બાકી રકમના ૨૫ ટકા જાહેર કરવાનો આદેશ આપ્યો હતો.

રાજ્યએ એક 'આદર્શ એમ્પ્લોયર' તરીકે કામ કરવું જોઈએ તે વાત પર ભાર મૂકતા, જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે કર્મચારીઓ માટે ન્યાય સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ પ્રક્રિયાની દેખરેખ રાખવા માટે સુપ્રીમ કોર્ટે એક સમિતિની પણ રચના કરી છે, જેના અધ્યક્ષ સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા, જસ્ટિસ તિલક સિંહ ચૌહાણ અને જસ્ટિસ ગૌતમ માધુરિયા છે. આ સમિતિને ૬ માર્ચ સુધીમાં બાકી રકમની કુલ વિગત અને ચુકવણીનો ચોક્કસ કાર્યક્રમ નક્કી કરવા તેમજ ચુકવણી પ્રક્રિયા પર દેખરેખ રાખવાનું કામ સોંપવામાં આવ્યું છે.

સુપ્રીમ કોર્ટે દ્વારા નક્કી કરાયેલ સમયમર્યાદા અનુસાર, બાકીના ૭૫ ટકા રકમનો પ્રથમ હપ્તો ૩૧ માર્ચ સુધીમાં ચૂકવી દેવો જોઈએ અને આગામી સુનાવણીની તારીખ એટલે કે ૧૫ એપ્રિલ સુધીમાં આ સંબંધમાં વિગતવાર પાલન અહેવાલ રજૂ કરવો પડશે.

### ૨૬ ફાઈટર જેટ દેખાતા ટેન્શન વધ્યું

## ઈરાન યુદ્ધનો ફાયદો ઉઠાવી ચીન પણ તાઈવાન પર હુમલાની ફિરાકમાં?

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ

તાઈવાનની આસપાસ ચીની સૈન્ય વિમાનોની સંખ્યામાં અચાનક મોટો ઉછાળો જોવા મળ્યો છે. છેલ્લા બે અઠવાડિયાથી ચીની ગતિવિધિઓમાં આવેલા ઘટાડા બાદ શનિવારે ફરી એકવાર ચીને શક્તિપ્રદર્શન કર્યું હતું. જેનાથી સંરક્ષણ નિષ્ણાતોમાં ફરી એકવાર ચિંતામા મુકાયા છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યાનુસાર, શનિવારે ટાપુની આસપાસ ચીનના ૨૬ સૈન્ય વિમાનો જોવા મળ્યા હતા. જેમાંથી ૧૬ વિમાનોએ ઉત્તરી, મધ્ય અને દક્ષિણ-પશ્ચિમ એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોનમાં પ્રવેશ કર્યો હતો. આ ઉપરાંત, દરિયાઈ વિસ્તારમાં ચીનના ૭ નૌકાદળના જહાજો પણ જોવા મળ્યા હતા. અગાઉ ૨૭ ફેબ્રુઆરીથી ૫ માર્ચ સુધી તાઈવાને એક પણ ચીની વિમાનની ઘૂસણખોરી નોંધાઈ નહોતી. નિષ્ણાતો આ ઘટાડા પાછળ ચીનની ધારાસભાની વાર્ષિક બેઠકને એક કારણ માની રહ્યા છે. જોકે, આ વર્ષનો ઘટાડો ભૂતકાળની સરખામણીએ ઘણો વધારે હતો, જેણે વિશ્લેષકોને મુંઝવણમાં મૂક્યા હતા.

આ ઘટાડા પાછળનું બીજું મહત્વનું કારણ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સૂચિત ચીન મુલાકાત હોઈ શકે છે. વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, પ્રમુખ ટ્રમ્પ ૩૧ માર્ચથી ૨ એપ્રિલ દરમિયાન ચીનની મુલાકાતે જવાના છે. વોશિંગ્ટન સાથેના સંબંધોમાં તણાવ ઘટાડવા માટે ચીને કદાચ આ વ્યૂહનીતિ અપનાવી હોય તેવી શક્યતા છે. જોકે, બેઈજિંગ દ્વારા હજી સુધી આ મુલાકાતની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

બીજી તરફ, કેટલાક નિરીક્ષકોનું માનવું છે કે ચીની સૈન્ય તેની તાલીમ અને આધુનિકીકરણના આગામી તબક્કામાં પ્રવેશ્યું હોઈ શકે છે, જ્યાં તે તેના વિવિધ દળો વચ્ચે સંયુક્ત તાલીમ માટે નવા મોડેલ પર કામ કરી રહ્યું છે.

તાઈવાનના સંરક્ષણ પ્રધાન વેલિંગ્ટન કુએ નોંધ્યું હતું કે, ભલે સૈન્ય વિમાનોની સંખ્યામાં વધઘટ થઈ હોય, પરંતુ ચીનનું નૌકાદળ સતત સક્રિય રહ્યું છે. તાઈવાને સ્પષ્ટ કર્યું છે કે ચીની ગતિવિધિ ઘટવા છતાં તેઓએ પોતાની સંરક્ષણ સ્થિતિમાં કોઈ ફેરફાર કર્યો નથી.

### વૈશ્વિક સંકટ વચ્ચે ટ્રમ્પની ધમકીથી ચિંતા વધી

## ઈરાનના ઓઈલ ટાપુ પર મજા માટે ફરી હુમલો કરીશું

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકા અને ઈઝરાયલના ઈરાન સાથેના યુદ્ધે હવે અત્યંત ખતરનાક વળાંક લીધો છે. યુદ્ધના ત્રીજા સપ્તાહમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના મુખ્ય ઓઈલ એક્સપોર્ટ હબ ખાર્ગ આઈલેન્ડ પર વધુ હુમલા કરવાની ધમકી આપી છે. ટ્રમ્પે શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમેરિકન હુમલાઓએ આ ટાપુનો મોટો હિસ્સો પહેલેથી જ તબાહ કરી દીધો છે અને હજી વધુ હુમલા થઈ શકે છે.વિશ્વના કુલ તેલ પુરવઠાનો પાંચમો ભાગ જ્યાંથી પસાર થાય છે તે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અત્યારે યુદ્ધનું કેન્દ્ર બન્યું છે. ઈરાને આ મહત્વના દરિયાઈ માર્ગને બંધ કરી દેતા વૈશ્વિક બજારમાં ઊર્જા સંકટ ઊભું થયું છે અને તેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે, "જે દેશો આ માર્ગે તેલ મેળવે છે, તેમણે તેની સુરક્ષાની જવાબદારી ઉઠાવવી પડશે, અમેરિકા તેમને ઘણી મદદ કરી છે." ટ્રમ્પે ચીન, ફ્રાંસ, જાપાન, દક્ષિણ કોરિયા અને બ્રિટન જેવા દેશોને પોતાના યુદ્ધ જહાજો આ વિસ્તારમાં તૈનાત કરવા વિનંતી કરી છે. જોકે, હજી સુધી કોઈ દેશે આ અંગે સ્પષ્ટ સંમતિ આપી નથી.

શનિવારે એનબીસી ન્યૂઝ સાથેની વાતચીતમાં પ્રમુખ ટ્રમ્પે અત્યંત આક્રમક વલણ અપનાવતા કહ્યું કે, અમેરિકી હુમલાઓએ ઈરાનના ખાર્ગ ટાપુને લગભગ સંપૂર્ણપણે તબાહ કરી દીધો છે. તેમણે વિવાદાસ્પદ નિવેદન આપતા ઉમેર્યું કે, "અમે કદાચ મજા ખાતર (Just for fun) ત્યાં હજી થોડી વધુ વાર હુમલા કરી શકીએ છીએ." અગાઉ ટ્રમ્પ પ્રશાસને એવો દાવો કર્યો હતો કે તેઓ માત્ર સૈન્ય મથકોને નિશાન બનાવી રહ્યા છે, પરંતુ હવે ઓઈલ હબ પર હુમલાની વાત કરીને તેમણે સીધું જ ઈરાનની આર્થિક કમર તોડવાની વ્યૂહનીતિ સ્પષ્ટ કરી છે. બીજી તરફ, ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા મુજતબા ખામેનેઈએ સ્ટ્રેટ ઓફ હોર્મુઝને બંધ રાખવાનો આદેશ આપ્યો છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે રવિવારે ઈઝરાયલ અને આસપાસના ત્રણ અમેરિકન બેઝ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હોવાનો દાવો કર્યો છે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાગચીએ ચેતવણી આપી છે કે જો તેમના ઊર્જા મથકો પર હુમલો થશે, તો ઈરાન તેનો આકરો જવાબ આપશે.

### દેશમાં LPG સંકટ વચ્ચે રાહતના સમાચાર

## ગેસ ભરેલા બે જહાજ જલ્દી જ ગુજરાતના દરિયા કિનારે પહોંચશે

### જહાજ ૧૬ અને ૧૭ માર્ચે ગુજરાતના પોર્ટ પર પહોંચશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાન અમેરિકા યુદ્ધ વચ્ચે હાલ દરેક ઘરમાં એક જ ચિંતા ફેલાઈ છે અને તે છે LPG સિલિન્ડર. કેમ કે LPGની અછતની અફવા ફેલાતા હાલ ચારે તરફ ગેસ એજન્સીઓની બહાર લાંબી લાઈનો જોવા મળી રહી છે. પરંતુ આજે LPG અને સિલિન્ડરને લઈને એક સારા સમાચાર આવ્યા છે. જે બાદ LPG અંગે ઉભા થયેલા બધા સવાલોના જવાબ તમને મળી જશે. મહત્વની વાત એ છે કે, આ જહાજ સૌથી પહેલા દરિયાઈ માર્ગે ગુજરાત પહોંચશે. ૧૬ અને ૧૭ માર્ચે ગેસથી ભરેલા બંને જહાજ ગુજરાતના દરિયા કિનારે આવી પહોંચશે. હવે સવાલ એ છે કે, શું આ બે જહાજથી આખા દેશનું સિલિન્ડર સંકટ દૂર થઈ જશે? બીજા જહાજ ક્યારે નીકળશે?

ભારત છેલ્લા કેટલાક દિવસોથી પ્રયત્ન કરી રહ્યું હતું કે યુદ્ધની અસર દેશ પર ન પડે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ સાથે વાત કરી હતી. તો બીજી તરફ વિદેશ મંત્રી સુબ્રમણ્યમ જયશંકર પણ ઈરાનના વિદેશ મંત્રી સાથે સતત સંપર્કમાં હતા. આ કૂટનીતિક વાતચીતનો અસર એવી થઈ કે, ભારતના બે LPG ટેક્કર શિવાલિક અને નંદા દેવીને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થવાની ઈરાને મંજૂરી આપી છે.

આ બંને LPG ટેક્કર ભારત તરફ આવી રહ્યા છે. જે દર્શાવે છે કે LPGને લઈને ફેલાયેલ અફવા હવે ટૂંક સમયમાં સમાપ્ત થઈ શકે છે. એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ બંને ટેક્કર આગામી બે દિવસમાં ભારત પહોંચી જશે.

આ સફળતા ભારતને ત્યારે મળી છે જ્યારે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મૂઝને લગભગ બંધ કરી દીધો છે. ત્યાંથી પસાર થતા ઘણા જહાજો પર હુમલા પણ કરવામાં આવ્યા છે. ૧૦૦૦થી વધુ જહાજો ત્યાં ફસાયા હોવાનું કહેવાઈ રહ્યું છે. પરંતુ આ બધાની વચ્ચે ભારત માટે એક મોટી કૂટનીતિક જીત માનવામાં આવી રહી છે. જેના કારણે ભારતના બંને જહાજો સુરક્ષિત રીતે ત્યાંથી પસાર થઈ ભારત તરફ આવી રહ્યા છે.

એક પ્રેસ કોન્ફરન્સમાં સરકારે માહિતી આપતા કહ્યું કે, ગલ્ફમાં તમામ ભારતીયો સુરભિત છે. ૧૬ અને ૧૭ માર્ચના રોજ કંડલા અને મુન્દ્રા પર એલપીજીના બે શિપ પહોંચી રહ્યાં છે. હાલ તેઓ સ્ટેટ ઓફ હોર્મુઝથી આગળ નીકળી ગયા છે. આગામી ૧૬ અને ૧૭ માર્ચે પહોચી જશે.

પોર્ટ પર આદેશ આપી દેવાયા છે કે, એલપીજી કાર્ગો શિપને પ્રાથમિકતા આપવામાં આવે. જે લોકો ઈરાનમાં ફસાયેલા છે તેમને પરત લાવવા માટે ચાર્ટર્ડ ફ્લાઈટ મોકલવામાં આવી છે. ગલ્ફમાં ભારતીયોની સુરક્ષા અમારી પ્રાથમિકતા છે. તેથી ફેક વીડિયો અને માહિતીથી દૂર રહો. જ્યાં એક તરફ ગેસને લઈને મોટી રાહતની આશા જાગી છે, ત્યાં બીજી તરફ આજે પણ અફવાઓનો અસર દેશના વિવિધ ભાગોમાં જોવા મળી.

## અબુ ધાબીની તમામ અને દુબઈની ૫ ફ્લાઈટ્સ રદ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય પૂર્વ (Middle East) માં યુદ્ધના ઘેરાતા વાદળોની અસર હવે આંતરરાષ્ટ્રીય હવાઈ સેવાઓ પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. સંયુક્ત આરબ અમીરાત (UAE) એરપોર્ટ ઓથોરિટીના નવા નિર્દેશોને પગલે, ૧૫ માર્ચ ૨૦૨૬ ના રોજ એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસની અબુ ધાબી અને દુબઈ જતી મોટાભાગની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. વૈશ્વિક અશાંતિને કારણે અનેક દેશોએ તેમના એરસ્પેસ (હવાઈ ક્ષેત્ર) બંધ કરી દીધા છે અથવા કડક નિયંત્રણો લાદ્યા છે. આ ફેરફારોને કારણે સેંકડો ભારતીય મુસાફરો એરપોર્ટ પર અટવાયા છે.દુબઈમાં એર ઈન્ડિયાની પાંચમાંથી ચાર અને એર ઈન્ડિયા એક્સપ્રેસની છમાંથી પાંચ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. દિલ્હી-દુબઈ રૂટ પર માત્ર એક જ રિટર્ન ફ્લાઈટ કાર્યરત રહેશે. એર ઈન્ડિયા એક્સપ્રેસની તમામ ૫ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે. શારજાહ અને રાસ અલ ખૈમાહ અહીંથી મર્યાદિત ફ્લાઈટ્સ (દિલ્હી, મુંબઈ, કોચી વગેરે માટે) ચલાવવાની યોજના છે, પરંતુ તે સ્લોટની ઉપલબ્ધતા પર નિર્ભર રહેશે. એર ઈન્ડિયાએ સ્પષ્ટતા કરી છે કે આ નિર્ણય સ્થાનિક ઓથોરિટીના આદેશ અને સુરક્ષાના કારણોસર લેવામાં આવ્યો છે.




## આરોગ્ય

- આમ આદમી ક્લિનિકમાં દવાઓ અને પરીક્ષણો સંપૂર્ણપણે મફત છે.
- 2,661 ડોકટરો, પેરામેડિક્સ અને ફ્રન્ટલાઈન સ્ટાફ માટે નવી ભરતી કરવામાં આવી છે.
- સરકાર "મુખ્યમંત્રી યોગશાળા" ખાતે દરરોજ લાખો લોકોને મફત યોગ વર્ગો આપી રહી છે.

## મુખ્યમંત્રી આરોગ્ય યોજના

દરેક પરિવાર માટે
**₹10 લાખની મફત સારવાર**

## મુખ્યમંત્રી તીર્થ યાત્રા યોજના

- મુખ્યમંત્રી તીર્થ યાત્રા યોજના હેઠળ 50 વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકો માટે મફત યાત્રા.
- યાત્રાળુઓ માટે મફત એ.સી. બસો અને એ.સી. હોટેલમાં રહેવાની સુવિધા.

## શિક્ષણ - પંજાબ દેશમાં નંબર 1 બન્યું

- નેશનલ એચિવમેન્ટ સર્વેમાં પંજાબ દેશમાં પ્રથમ ક્રમે છે.
- સરકારી શાળાઓના 305 વિદ્યાર્થીઓએ JEE મુખ્ય પરીક્ષા પાસ કરી, અને 845 વિદ્યાર્થીઓએ NEET પરીક્ષા પાસ કરી.
- 15,000 થી વધુ નવા શિક્ષકોની ભરતી કરવામાં આવી, અને 12,000 થી વધુ કરાર આધારિત શિક્ષકોને નિયમિત કરવામાં આવ્યા.
- ફિનલેન્ડ, સિંગાપોર અને IIM માં આચાર્યો અને શિક્ષકોને તાલીમ આપવામાં આવી રહી છે.
- પહેલીવાર, સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે મફત સ્કૂલ બસો પૂરી પાડવામાં આવી.

## રોજગાર

- 65,264 યુવાનોને સરકારી નોકરીઓ મળી
- 5 લાખથી વધુ નોકરીઓ પ્રાઈવેટ સેક્ટરમાં આપવામાં આવી

# અદભૂત ચારવર્ષ ભગવંત માનનો આભાર



## મુખ્યમંત્રી માવન ધ્યાન સન્માન યોજના

| પંજાબમાં દરેક મહિલાને | SC શ્રેણીની મહિલાઓને |
|---|---|
| દર મહિને ₹1,000 | દર મહિને ₹1,500 |

## શહીદોના પરિવારોને માનદ વેતનમાં ₹1 કરોડ

- સરકાર શહીદ સૈનિકોના પરિવારોને માનદ વેતનમાં ₹1 કરોડ આપી રહી છે.

## ઔદ્યોગિક રોકાણ - ₹1.55 લાખ કરોડ

- ફક્ત ચાર વર્ષમાં પંજાબમાં ₹1.55 લાખ કરોડનું રોકાણ
- 5 લાખ યુવાનો માટે નવી રોજગારીની તકો ઉભી
- ઔદ્યોગિક અને વેપાર વિકાસ નીતિ - 2026 અમલમાં
- યુકે, જાપાન અને દક્ષિણ કોરિયા સાથે વ્યૂહાત્મક ભાગીદારી

## ગ્રામીણ વિકાસ - 49,000 કિલોમીટર લાંબા રસ્તાઓનું નિર્માણ

- 49,000 કિલોમીટરથી વધુ રસ્તાઓનું નવીનીકરણ
- ગ્રામીણ વિસ્તારોમાં આધુનિક પુસ્તકાલયોનું નિર્માણ
- 13,000 થી વધુ ગામડાઓમાં તળાવોની સફાઈ

## ડ્રગ્સ સામે યુધ્ધ - 50,000 ડ્રગ્સ હેરફેર કરનારાઓની ધરપકડ

- 50,238 ડ્રગ્સ હેરફેર કરનારાઓની ધરપકડ, તેમની પાસેથી 32,620 કિલો ડ્રગ્સ જપ્ત પંજાબને ડ્રગ્સ મુક્ત બનાવવા તરફ એક મોટું પગલું

## માર્ગ અકસ્માતમાં મૃત્યુદરમાં 50.12%નો ઘટાડો થયો

- ભારતના પ્રથમ માર્ગ સલામતી દળની રચના પંજાબમાં કરવામાં આવી
- માર્ગ અકસ્માતમાં મૃત્યુદરમાં 50.12%નો ઘટાડો થયો
- 47,000+ થી વધુ લોકોને સમયસર સહાય મળી

## ભ્રષ્ટાચાર મુક્ત પંજાબ

- ભ્રષ્ટાચાર વિરોધી કાર્યવાહી 9501200200 શરૂ થઈ
- 1,000 થી વધુ ભ્રષ્ટ વ્યક્તિઓની ધરપકડ

## સરળ રજિસ્ટ્રી/જમાબંધી

- 'સરળ રજિસ્ટ્રી' - મિલકત નોંધણી માટે એક નવી સિસ્ટમ
- રજિસ્ટ્રી માત્ર 48 કલાકમાં પૂર્ણ
- વોટ્સએપ દ્વારા દરેક પગલાની પારદર્શક માહિતી

## પંજાબના 90% લોકોને મફત વીજળી

- 90% ઘરોને 600 યુનિટ મફત વીજળી
- પ્રથમ વખત, ખેડૂતોને ખેતી માટે દિવસ દરમિયાન અવિરત વીજળી મળશે.

## રમતગમત - 3,100 નવા રમતગમતના મેદાન બન્યા

- ઓલમ્પીક મેડલ વિજેતાઓને ₹1 કરોડ અને સરકારી નોકરી મળશે
- રમતગમતની તૈયારી માટે ₹૧૫ લાખ સુધીની ખાસ સહાય

## "મેરી રસોઈ" યોજના શરૂ કરવામાં આવી.

- 40 લાખ ગરીબ પરિવારોને 2 કિલો દાળ, 2 કિલો ખાંડ, 1 કિલો મીઠું, 200 ગ્રામ હળદર પાવડર અને 1 લિટર સરસવનું તેલ મફતમાં મળશે.

## કૃષિ - દેશમાં સૌથી વધુ વળતર

- ખેડૂતોને દેશમાં સૌથી વધુ વળતર ₹20,000 પ્રતિ એકર મળી રહ્યું છે.
- દરેક ખેતરમાં નહેરો દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે.
- દેશમાં શેરડીનો સૌથી વધુ ભાવ ₹416 પ્રતિ ક્વિન્ટલ.
- CRM મશીનો સબસિડી પર ઉપલબ્ધ છે.
- પાકની તાત્કાલિક ખરીદી, 24 કલાકમાં ચુકવણી.

अनुभव करने के लिए QR को स्कैन करें | फ्लैश करें |

# તંત્રી લેખ......

## નફાખોરી અને ધમાલનો ત્રાસ ઓછો થયો નથી

યુએસ, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે ઉર્જા પુરવઠા સંકટ ઉભરી આવતાની સાથે જ દેશમાં એલપીજી સિલિન્ડરનો સંગ્રહ અને કાળાબજાર શરૂ થયો તે આશ્ચર્યજનક નથી. સરકારે આને રોકવા માટે આવશ્યક ચીજવસ્તુઓનો કાયદો લાગુ કર્યો હોવા છતાં, સંગ્રહખોરો અને નફાખોરોની ધમાલ ઓછી થઈ હોય તેવું લાગતું નથી. આનો પુરાવો એ છે કે તેમની સામે દરોડા દરમિયાન, ઘણા શહેરોમાં એલપીજી સિલિન્ડરનો સંગ્રહ અને કાળાબજાર કરનારા લોકો પકડાયા હતા. ઘણા લોકોએ ગુપ્ત રીતે ડઝનબંધ એલપીજી સિલિન્ડરનો સંગ્રહ કર્યો હતો. તેમાં કેટલાક રાજકારણીઓ અને અન્ય પ્રભાવશાળી લોકોનો સમાવેશ થતો હતો. તેવી જ રીતે, એલપીજી સિલિન્ડરો વધુ પડતા ભાવે વેચતા નફાખોરોની ગણતરી કરવી મુશ્કેલ છે. આવા વ્યક્તિઓની પ્રવૃત્તિઓનું એક કારણ સંબંધિત અધિકારીઓ અને પોલીસની મિલીભગત છે. તેઓ પણ હત્યા કરે છે, જેનાથી જનતા અને સરકારની મુશ્કેલીઓમાં વધારો થાય છે. કોઈપણ કટોકટી દરમિયાન આપણા દેશમાં આવશ્યક ચીજવસ્તુઓનો સંગ્રહખોરી અને કાળાબજાર ખૂબ જ સામાન્ય છે. કોવિડ રોગચાળા દરમિયાન, જ્યારે આખો દેશ કટોકટીમાં હતો, ત્યારે કેટલીક દવાઓ સહિત ઘણી આવશ્યક ચીજવસ્તુઓનું કાળાબજાર પણ જોવા મળ્યું હતું. એ પણ કોઈ રહસ્ય નથી કે ડુંગળી, ખાતર અને અન્ય ચીજવસ્તુઓનો સંગ્રહખોરી અહીં થાય છે. એકમાત્ર હેતુ નફાખોરી છે.

એવું લાગે છે કે કેટલાક લોકો હંમેશા કોઈ વસ્તુના ઉત્પાદન અથવા પુરવઠામાં અછતની શોધમાં હોય છે, જેથી તેઓ પોતાને સંગ્રહખોર અને નફાખોરમાં પરિવર્તિત કરી શકે. આવા લોકો જે આપત્તિને વ્યવસાયમાં ફેરવે છે તેઓને સભ્ય સમાજના દુશ્મન ગણી શકાય. નૈતિકતા અને નૈતિકતાના અભાવે સંગ્રહખોરી અને કાળાબજાર એક સામાજિક દુષણ બની ગયું છે, તેથી એલપીજી સિલિન્ડરોનો સંગ્રહખોરી અને કાળાબજાર કરનારાઓ સામે માત્ર જોરદાર ઝુંબેશ શરૂ કરવી જ નહીં, પરંતુ તેમને કડક સજા પણ આપવી જરૂરી છે. આવશ્યક ચીજવસ્તુઓના કાયદામાં સંગ્રહખોરી અને કાળાબજારમાં સામેલ લોકો માટે ત્રણ મહિનાથી સાત વર્ષ સુધીના દંડ અને કેદની જોગવાઈ છે. જોકે, કેટલા નફાખોરોને સાત વર્ષની સજા મળે છે? મોટાભાગના લોકો નાના દંડ ભરીને અથવા તો ગુનેગાર દ્વારા સજાથી બચી જાય છે. આવા વ્યક્તિઓને એટલી કડક સજા કરવી યોગ્ય રહેશે કે તે ઉદાહરણ તરીકે કામ કરે. ગંભીર કિસ્સાઓમાં, સંગ્રહખોરો સામે રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ કાર્યવાહી થવી જોઈએ, અને તેમની મિલકત પણ જપ્ત કરવી જોઈએ. આનાથી આ નફાખોરોને હોશ આવશે અને તેઓ સંગ્રહખોરી કરવાથી દૂર રહેશે.

# સુરત મહાનગરપાલિકાના નાયબ આરોગ્ય અધિકારી ડો.અજિત ભટ્ટનું સસ્પેન્શન રદ થવા પાછળ કોઈ નું દબાણ કે પછી બીજું કઈ?

**સફાઈ કામદારોની ગેરહાજરી જેવી બાબતમાં નોકરીમાંથી કાયમ માટે છૂટા કરી દેવામાં આવતા હોય ત્યારે સફાઈ કર્મચારીઓ અને ડો.અજિત ભટ્ટ સામે પગલા ભરવામાં ભેદભાવ શા માટે?**

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત નગરપાલિકા ના મ્યુ. કમિશનર તરીકે એમ.નાગરાજન ફરજ ઉપર હાજર થતાંજ શહેર ની સ્વચ્છતાને પ્રાધાન્ય આપી પોતે સફાઈ કામગીરી અંગે કડક વલણ અપનાવેલ હતું અને વહેલી સવારથી જ સફાઈ ની કામગીરી માટે જાત નિરીક્ષણ માટે નીકળી પડતાં હતાં. એવામાં સેન્ટ્રલ ઝોન ના સફાઈ કામગીરીના રાઉન્ડ દરમ્યાન અગાઉથી જાણ હોવા છતાં ડો. અજીત ભટ્ટ નાયબ આરોગ્ય અધિકારી કે તેમના હાથ નીચેના કર્મચારીઓ સ્થળ ઉપર હાજર ના રહ્યા. ડો.અજિત ભટ્ટે ફોન ઉપાડવાની પણ તસ્દી ના લીધી. જેથી મ્યુ. કમિશનરે નારાજ થઈ ડો.અજિત ભટ્ટ ને સસ્પેન્ડ કરવા નિર્ણય લીધો. સુરત મહાનગરપાલિકા ના કેટલાક અધિકારીઓ ડો. અજિત ભટ્ટ ને







સસ્પેન્ડ કરવાની વિરૂધ્ધ માં હતા અને ડો.અજિત ભટ્ટને સસ્પેન્ડ કરવામાં ના આવે તે માટે ડો. ભટ્ટ નો સસ્પેન્શન ઓર્ડર આપવામાં વિલંબ કરવામાં આવેલ. સસ્પેન્શન અંગે ડો. ભટ્ટે પહેલા પ્રત્યાઘાત આપતા જણાવે છે કે હું ઝોન વિસ્તાર માં સફાઈ કામગીરી માટે ફરુ તો ઓફિસ ના કામ કોણ કરે? પરંતુ ડો.અજિત ભટ્ટ જે ઝોન માં જાય ત્યાં કર્મચારીની હાજરી ચેક કરે અને સફાઈ કર્મચારી ની પાછળ ફરી તેઓને હેરાન પરેશાન કરતાં. સફાઈ કર્મચારીને કયો વિસ્તાર આપવો વિગેરે કામગીરી ડો. અજિત ભટ્ટ કરી રહેલા છે. ત્યારે મ્યુ. કમિશનર ના આદેશ ની અવગણના કરી ડો.અજિત ભટ્ટે ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી દાખવી ઉપરી અધિકારી ના આદેશનું પાલન નહીં કરી મોટી ફરજ ચૂક કરી છે. તેમ છતાં તેઓએ માંફી માંગી હોવાનું જણાવી તેમનું સસ્પેશન રદ કરવાના નિર્ણય શંકા પ્રેરે છે. મ્યુ.કમિશનરે સસ્પેન્શન હુકમ કોઈના દબાણ માં આવી રદ કરેલ છે કે બીજું કઈ જાણવુ જરૂરી છે.

# વિશ્વની ચોથી જાગીર પર થતા હુમલાઓ લોકશાહી માટે શરમજનક???

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

અખબાર જેને સામાજિક અરીસો કહેવાય છે એવા અખબાર માટે એક લેખકે લખ્યું હતું કે ''સરકાર વગરનું અખબાર હોઈ શકે પણ અખબાર વગરની સરકાર ક્યારેય નહીં''. કારણ કે સરકાર ગમે તે પક્ષની હોય એની સાથે અખબાર ને કોઈ નિસ્બત હોતી નથી. પરંતુ જો અખબાર જ ના હોય તો સરકારની સારા-નરસા કામોની પ્રજાને ખબર જ કેવી રીતે પડે? એટલે અખબારને વિશ્વની ચોથી જાગીર કહેવાય છે. અખબારી જગત એટલે પત્રકારત્વ જગત જેમાં પ્રિન્ટ મીડિયા હોય કે ઈલેક્ટ્રોનિક મીડિયા કેમ ના હોય? એવા પત્રકારત્વ જગત ઉપર હમણાં હમણાં ગંભીર હુમલાઓથી લઈ જાન લેવા સુધીના બનાવો બની રહ્યા છે અને એનું કારણ છે અખબારોમાં લખાતી સચ્ચાઈ અને ઈલેક્ટ્રોનિક મીડિયામાં પુરાવા સાથે સમાજને બતાવાતી હકીકત.

અહીં કોઈ એક અખબારની વાત નથી. પછી એ દૈનિક હોય, અર્ધસાપ્તાહિક હોય,સાપ્તાહિક હોય, પાક્ષિક હોય કે માસિક મેગેઝીન કેમ ના હોય? એના તમામ કર્મચારી પત્રકારોની વ્યાખ્યામાં આવતા હોય છે. જેમાં ઈલેક્ટ્રોનિક્સ મીડિયા પણ સામેલ છે. સાચા પત્રકારો આંખમાં કણાની માફક એમને જ ખૂંચે છે કે જેઓના કાળા કામોને સમાજમાં અખબારના માધ્યમથી ખુલ્લા કરાય છે અને એવા કાળા કામો કરનારાઓ પોતાના મળતિયા રાજકારણીઓના સહારો લઈ માથા ભારે તત્વોની સાથે આડકતરી રીતે પોલીસના સહકારથી સાચા પત્રકારોને મોતને ઘાટ ઉતારાવતા હોય છે.

જે પત્રકારો હુમલાનો ભોગ બનીને જાન ગુમાવતા હોય છે એવા પત્રકારો પોતાના જાનના જોખમે પરિવારથી દૂર રહી આજે પણ ખાડી દેશોમાં ચાલતા યુદ્ધના મિસાઈલો, બોમ્બ ધડાકા અને બંદુક, સ્ટેશનગન, મશીનગન ની ગોળીઓના ધાણીફૂટ અવાજો વચ્ચે જઈને પણ યુધ્ધની નાનામાં નાની બાબતથી લઈ થતા મોટા હુમલાઓના સમાચારો અને ફોટોગ્રાફો પ્રજા વચ્ચે પહોંચાડવાનું કામ કરી રહ્યા છે.

ત્યારે એવા પત્રકારો અન્ય ધંધો ના કરી શકે એવા બંધનમાં લેવાનો ફતવો રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા બહાર પડાય એ કેટલો વ્યાજબી છે? અહીં સો મણ નો સવાલ એ છે કે રાજાનો છોકરો રાજા બનતો હોય, નેતાનો છોકરો જો ભલે ગાંડા-ગગા જેવો કે લાંબી ગતાગમ કે ટેલેન્ટ ના હોય છતાં એ ઊંચા હોદ્દા પર લાયકાત ના હોવા છતાં એને ઠોકી બેસાડાતો હોય ત્યારે પત્રકારો ને માટે ફતવો કાઢી એમને બંધન માં લેવા પાછળનું કારણ શું?

એક બાજુ વિરોધીઓની પરિવારવાદથી વારંવાર એમની મજાક ઉડાડવી અને બીજી બાજુ આજ નેતાઓના દીકરા-દીકરીઓ જાણે કે વારસદાર હોય એમ એમને ઊંચા હોદ્દા પર ગોઠવી પ્રજાની આંખોમાં ધૂળ નંખાતી હોય એવા નેતાઓ સત્તા લાલચુઓથી વધુ કશું જ નથી. જ્યાં સાચા અને પુરાવા રૂપ સમાચારો જાનના જોખમે પ્રસિધ્ધ કરતા પત્રકારો હોય એવા પત્રકારો મોટા માથાઓની જ્યારે પોલ ખોલતા સમાચારો પ્રસિધ્ધ કરતાં હોય છે ત્યારે એવા પત્રકારોને મોટા માથાઓ એમના મળતિયાઓ ધ્વારા ખંડણી વસૂલી, તોડબાજ તેમજ દેશદ્રોહ જેવા ગુન્હાઓ લગાડવાઇ પોલીસની મીલી ભગત માં જેલમાં મોકલાવતા પણ પાછી પાની નથી કરતા હોતા. પત્રકારોનું કામ ત્રાજવા ના બે પલ્લા જેવું છે જેમાં નેગેટિવ અને પોઝિટિવ સમાચારો પણ પ્રસિદ્ધ કરતા હોય છે.

હવે વાત છે પત્રકારોની આવકની હાલની આ ગૃહિણીઓ ને દઝાડતી અને આકાશને આંબતી મોંઘવારીમાં દરેક વ્યક્તિને બે છેડા ભેગા કરવા માટે પોતાના વ્યવસાયની સાથે અન્ય વ્યવસાય પણ કરવો પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું હોય ત્યારે પત્રકાર પણ પત્રકારત્વની સાથે અન્ય કોઈ વ્યવસાય કરે કે એના સંતાનના વ્યવસાયમાં સાથ-સહકાર આપે એમાં ખોટું શું છે? જ્યારે પત્રકારને પોતાના પરિવારનો ખર્ચ કાઢવાનો હોય, એના બાળકોના શિક્ષણનો ખર્ચ હોય, ભાડાનું ઘર હોય, લાઈટ બિલ, ગેસબિલ,મેન્ટેનન્સ તેમજ પેટ્રોલથી લઈ ઘરની તમામ જવાબદારી નિભાવવાની હોય ત્યારે એના ટૂંકા પગારથી એનો ખર્ચ પરવડે નહીં આથી અન્ય વ્યવસાય કરે તો એમાં ખોટું શું છે?

જ્યારે મોટા કેબિનેટ મંત્રીઓ, આઈ.પી.એસ, આઈ.એસ અધિકારીઓ, રિટાયર્ડ અધિકારીઓ સહિત સત્તાધારીઓ અને ભૂતપૂર્વ મંત્રીઓ એ પણ પોતાના સગા સંબંધીઓ, વિશ્વાસુ મિત્રો પરિવારના સંતાનોના નામે જાણીતા બિલ્ડરો સાથે ભાગીદારી કરી શકતા હોય ઉપરાંત એમને સરકારી પગાર ભથ્થાની સાથે સાથે અઢળક આવક પણ થતી હોય એ સાથે મોટા મોટા પ્રોજેક્ટ માં રોકાણ, શો રૂમોમાં રોકાણ, જમીનોમાં રોકાણ, બાંધકામોમાં રોકાણ, એમના રાઈઝીંગ કરનારાઓ ના માધ્યમથી થતા હોય ત્યારે પત્રકારો સાઈડ ઈક્રમ કરે કે કોઈ નાનો- મોટો વ્યવસાય કરી પરિવારનું ભરણ પોષણ કરવા સાથે સમાજના અરીસા રૂપ અખબારી જગત ને ધબકતું રાખવાનું ભગીરથ કાર્ય કરતો હોય તો એમાં કયો મોટો ગુન્હો બને છે? એ સત્તાધારી શાસકોને કોણ સમજાવશે?

### રાજ્યના ગુપ્તચર વિભાગમાં ભ્રષ્ટાચારનો સડો?

# સીનિયર ઈન્ટેલિજન્સ ઓફિસર લાંચ લેતા ACBની ઝપેટમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આજે(૧૫ માર્ચ) એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ગોઠવવામાં આવેલા એક છટકામાં સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરોમાં ફરજ બજાવતો એક અધિકારી લાંચ લેતા રંગેહાથ ઝડપાયો છે. સાણંદ સેન્ટરના સિનિયર ઈન્ટેલિજન્સ ઓફિસર કેતન ગીરીશભાઈ દવેએ એક જાગૃત નાગરિકના પોલીસ પ્રોટેક્શનને રીન્યુ કરવા માટે પોઝિટિવ અભિપ્રાય આપવાના બદલામાં ૮૦,૦૦૦ રૂપિયાની માંગણી કરી હતી, જે રકમ સ્વીકારતા જ ACBની ટીમે કેતનને દબોચી લીધો હતો. ગુજરાતમાં આ કદાચ IBનો પ્રથમ PI હશે જે લાંચ લેતા ACBના હાથે ઝડપાયો હોય.

આ કેસની વિગત એવી છે કે, ફરિયાદીને અગાઉથી જ પોલીસ પ્રોટેક્શન મળેલું હતું. આ પ્રોટેક્શનની મુદત વધારવા એટલે કે રીન્યુ કરાવવા માટે ફરિયાદીએ વિધિવત અરજી કરી હતી. આ સરકારી પ્રક્રિયાના ભાગરૂપે આરોપી કેતન દવેએ આ અરજી પર સકારાત્મક અભિપ્રાય મોકલી આપવા માટે ફરિયાદી પાસે નાણાંની માંગ કરાઈ હતી.

આ દરમિયાન ગાંધીનગરના સરગાસણ ચોકડી પાસે આવેલા સૌરાષ્ટ્ર ગાંઠીયા રથની સામે રોડ પર જ્યારે ફરિયાદી પોતાની ગાડીમાં હાજર હતા, ત્યારે આરોપી કેતન ત્યાં પહોંચ્યો હતો. બાદમાં ગાડીની અંદર જ આરોપીએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચની રકમ સ્વીકારી હતી. જેવી આરોપીએ ૮૦,૦૦૦ની રકમ હાથમાં લીધી તેવી જ વોચમાં રહેલી ACBની ટીમ ત્રાટકીને તેને રંગેહાથ પકડી લીધો હતો. વધુમાં સૂત્રો એ ઉમેર્યું કે, કેતન દવેને ડીવાયએસપીનું પ્રમોશન પણ આવવાનું હતું. જેનું મેરીટમાં બીજા ક્રમાંકે નામ છે. કેતન દવે ગાંધીનગરના સરગાસણ ટીપી ૯ ખાતેની એક સોસાયટીમાં પરિવાર સાથે રહે છે. જેણે લાંચની રકમ પોતાના ઘર નજીકના વિસ્તારમાં જ સ્વીકારી હતી.

# ગુજરાતના ૨૦થી વધુ જિલ્લામાં ત્રણ દિવસ કમોસમી વરસાદનું એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં ગરમીનો પારો વધી રહ્યો છે, તેવામાં હવામાન વિભાગે રાજ્યમાં માવઠાની આગાહી છે. હવામાન વિભાગ(IMD) અનુસાર, આગામી ૧૮થી ૨૦ માર્ચ દરમિયાન અનેર જિલ્લામાં મેઘગર્જના સાથે હળવો કમોસમી વરસાદ પડી શકે છે.

IMD અનુસાર, આગામી ૧૮ માર્ચના રોજ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ૭ જિલ્લામાં માવઠાની આગાહી છે. જેમાં કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા જિલ્લાના છૂટાછવાયા સ્થળે ગાજવીજ સાથે હળવાથી મધ્ય કમોસમી વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે.

૧૯ માર્ચે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કર્યુ છે. આ દિવસે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે માવઠાની આગાહી છે.

**ભારે પવન ફૂંકાવવાની શક્યતા**

૧૮-૧૯ માર્ચ દરમિયાન કમોસમી માવઠાની સાથે આ જિલ્લાઓમાં ૪૦-૫૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

**૨૦ માર્ચે ૬ જિલ્લામાં માવઠાની આગાહી**

૨૦ માર્ચના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવા કમોસમી વરસાદની આગાહી છે. રાજ્યમાં માવઠાની સ્થિતિને પગલે ખેડૂતોમાં ચિંતા છવાઈ છે.

### પોલિયો મુક્ત ગુજરાતની સિદ્ધિને ટકાવી રાખવા માટે વર્ષ ૨૦૨૫માં ૨૪.૬૫ લાખ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા

# રાષ્ટ્રીય રસીકરણ દિવસઃ ગુજરાતે વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૧.૩૦ લાખથી વધુ શિશુઓ અને ૨૪ લાખથી વધુ બાળકોનું સફળ રસીકરણ કરીને રેકોર્ડ બનાવ્યો

**"ટીકા એક્સપ્રેસ", "મોબાઈલ મમતા દિવસ" અને ''ખિલખિલાટ વાહન'' જેવા માધ્યમોના કારણે અંતરિયાળ વિસ્તારોમાં રસીકરણ શક્ય બન્યું**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશા માતા અને શિશુ આરોગ્યને રાષ્ટ્રીય પ્રાથમિકતા આપી છે. તેમના આ વિઝનને અનુરૂપ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર આ ક્ષેત્રમાં અભૂતપૂર્વ કાર્ય કરી રહી છે. રાજ્યમાં 'સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ' સુદ્રઢ બન્યો છે, જેથી માતાઓ અને બાળકોને સુરક્ષાનું એક વ્યાપક કવચ મળી રહ્યું છે. ગુજરાત સરકારની આ નિરંતર અને અસરકારક પહેલોના પરિણામે, વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૧.૩૦ લાખથી વધુ શિશુઓ અને ૨૪ લાખથી વધુ બાળકોનું સફળતાપૂર્વક રસીકરણ કરવામાં આવ્યું છે.

**સ્વસ્થ બાળપણ, સુરક્ષિત ભવિષ્યઃ ગુજરાતના રાજ્યવ્યાપી અભિયાનના પ્રોત્સાહક પરિણામો જોવા મળ્યા**

ગુજરાતના સાર્વત્રિક રસીકરણ અભિયાન હેઠળ એપ્રિલથી ફેબ્રુઆરી (૨૦૨૫-૨૬) દરમિયાન રાજ્યમાં એક વર્ષ સુધીના ૧૧ લાખ ૩૦ હજારથી વધુ શિશુઓને સંપૂર્ણ રસીકરણ કવરેજ આપવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન, ૧૧ લાખ ૯૪ હજારથી વધુ બાળકોને બીસીજી રસી, ૧૧ લાખ ૫૯ હજાર બાળકોને પેન્ટાવેલેન્ટ (ડીપીટી-હેપેટાઈટિસ-બી-હિબ) રસી અને ૧૧ લાખ ૨૪ હજાર બાળકોને ઓરી-રુબેલા રસી આપવામાં આવી હતી.

તેવી જ રીતે, શિક્ષણ અને આરોગ્ય વિભાગના સંકલનથી શાળા અને બાલવાટિકા આધારિત રસીકરણ અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ ૧૦ અને ૧૬ વર્ષના વિદ્યાર્થીઓને શાળાઓમાં રસી આપવામાં આવી, જ્યારે વર્ષ ૨૦૨૫માં ૫ વર્ષના બાળકોને બાલવાટિકાઓમાં ડીપીટીનો બીજો ડોઝ આપવામાં આવ્યો. આ બંને શ્રેણીઓમાં છેલ્લા એક વર્ષમાં ૨૪ લાખથી વધુ બાળકોનું સફળતાપૂર્વક રસીકરણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, ૨૦૦૭થી ગુજરાતની પોલિયો મુક્ત રાજ્યની સિદ્ધિને ટકાવી રાખવા માટે વર્ષ ૨૦૨૫માં પણ રાજ્ય સરકાર દ્વારા ૧૪ જિલ્લાઓમાં વિશેષ અભિયાન ચલાવીને ૦ થી ૫ વર્ષની વયના ૨૪.૬૫ લાખ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર "ટીકા એક્સપ્રેસ," "મોબાઈલ મમતા દિવસ" અને "ખિલખિલાટ વાહન"ના માધ્યમથી રસીકરણની આ વિવિધ પહેલોને લાગુ કરે છે, જેના માધ્યમથી રસીકરણની સેવાઓ અંતરિયાળ વિસ્તારો સુધી પણ પહોંચાડવામાં આવી રહી છે.

**''સ્વસ્થ નારી, સશક્ત પરિવાર'' પખવાડિયુંઃ ૩.૫૦ લાખથી વધુ બાળકો અને ૧.૨૪ લાખથી વધુ મહિલાઓનું સફળ રસીકરણ**

સ્વસ્થ મહિલા-સશક્ત સમાજના મંત્રને ચરિતાર્થ કરવા માટે, રાજ્ય સરકારે ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઑક્ટોબર ૨૦૨૫ સુધી યોજાયેલા "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" પખવાડિયા દરમિયાન માતા અને બાળ સ્વાસ્થ્ય પર કેન્દ્રિત એક ખાસ રસીકરણ અભિયાન શરૂ કર્યું. આ અંતર્ગત ૩ લાખ ૫૮ હજારથી વધુ બાળકો અને ૧ લાખ ૨૪ હજારથી વધુ સગર્ભા સ્ત્રીઓને રસી આપવામાં આવી. આ ઉપરાંત, સગર્ભા સ્ત્રીઓને એન્ટીનેટલ (પ્રસૂતિ પહેલાંની) તપાસ દરમિયાન ટેટનસ-ડિપ્થેરિયા રસી, જ્યારે બાળકોને BCG, પેન્ટાવેલેન્ટ, ઓરી-રુબેલા, ન્યૂમોકોકલ, ઈન્જેક્ટેબલ પોલિયો, ઓરલ પોલિયો અને રોટાવાયરસની રસીઓ આપવામાં આવી.

**રાષ્ટ્રીય રસીકરણ દિવસ ૨૦૨૬: ગુજરાત સરકાર ઓરી-રુબેલા નાબૂદી માટે શરૂ કરશે ખાસ અભિયાન**

રાષ્ટ્રીય રસીકરણ દિવસ (૧૬ માર્ચ, ૨૦૨૬) નિમિત્તે, ગુજરાત ઓરી-રુબેલા નાબૂદી માટે એક દિવસીય સઘન અભિયાન શરૂ કરવા જઈ રહ્યું છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે વેક્સિન પ્રિવેન્ટેબલ ડિસીઝ સર્વેલન્સ ઈન્ફર્મેશન મેનેજમેન્ટ સિસ્ટમ (VSIMS) અને ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ (IDSP) પોર્ટલમાંથી પ્રાપ્ત રિયલ-ટાઈમ ડેટાના આધારે ઉચ્ચ જોખમ ધરાવતા ક્ષેત્રોની પણ ઓળખ કરી છે. ઔદ્યોગિક વિસ્તારો અને સરહદી જિલ્લાઓમાં રહેતા અન્ય રાજ્યોના બાળકો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને, ૯ માસથી ૧૦ વર્ષની વયના બાળકોનું સંપૂર્ણ રસીકરણ સુનિશ્ચિત કરવાનો લક્ષ્યાંક છે.

**૨૮ ફેબ્રુઆરીથી ગુજરાતમાં રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ અભિયાનનો અસરકારક અમલ**

તાજેતરમાં ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા રાષ્ટ્રવ્યાપી HPV (હ્યુમન પેપિલોમા વાયરસ) રસીકરણ અભિયાનને પણ ગુજરાત અસરકારક રીતે આગળ ધપાવી રહ્યું છે. દીકરીઓને કોઈપણ પ્રકારની આરોગ્ય સમસ્યાઓનો સામનો ન કરવો પડે તે માટે રાજ્ય સરકાર તમામ સુરક્ષા પ્રોટોકોલનું કડક પાલન કરી રહી છે, જેમાં રસીકરણ પહેલાં ખાલી પેટ ન હોવું અને રસીકરણ પછી ૩૦ મિનિટ સુધી અવલોકન સુનિશ્ચિત કરવામાં છે. આ અભિયાન ૧૪થી ૧૫ વર્ષની વય ધરાવતી કિશોરીઓને ધ્યાનમાં રાખીને અમલમાં મૂકવામાં આવ્યું છે. ખાનગી ક્ષેત્રમાં આ રસીની કિંમત રૂ.૩,૦૦૦થી રૂ.૫,૦૦૦ સુધીની છે, જેને રાજ્ય સરકાર પાત્ર કિશોરીઓને નિઃશુલ્ક આપી રહી છે. ભારત સરકારની આ પહેલ કિશોરીઓને સર્વાઈકલ કેન્સરથી સુરક્ષા આપવાની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

### આદિજાતિઓના સર્વગ્રાહી વિકાસની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ સાકાર કરવાની દિશામાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનું મહત્વપૂર્ણ કદમ

# રાજ્યની પૂર્વ પટ્ટીના બે આદિવાસી જિલ્લાઓને એક જ દિવસમાં રૂ. ૧૧૦૦ કરોડના વિવિધ વિકાસ કામો મળ્યા

**પંચમહાલના ચાર આદિજાતિ તાલુકાના ૭૯ ગામોના ૧૩૦ તળાવો પાનમ આધારિત ઉદવહન સિંચાઈ યોજના પાઈપલાઈનથી ભરાશેઃ ૨૦૬ કિલોમીટર લાંબી સિંચાઈ પાઈપલાઈન થી ૮૬ હજાર એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશેઃ ત્રણ આદિજાતિ જિલ્લાઓમાં નર્મદા આધારિત લિફ્ટ ઈરિગેશનથી ૧૮ તાલુકાના ૫૧૪૮૦ હેક્ટર વિસ્તારને સિંચાઈ લાભનું પ્રાવધાન**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પૂર્વ પટ્ટીના બે આદિવાસી જિલ્લાઓ પંચમહાલ અને દાહોદ માં એક જ દિવસમાં ૧૧૦૦ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વંચિતોને વરિયતાના કાર્યમંત્ર સાથે આદિવાસીઓના સર્વગ્રાહી વિકાસના આપેલો વિચાર ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં સાકાર થઈ રહ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં પંચમહાલ જિલ્લામાં ૭૩૨ કરોડ રૂપિયાના ૧૧૨ કામો તથા દાહોદ જિલ્લામાં ૩૬૭ કરોડ રૂપિયાના ૧૨૦૦થી વધુ કામોની ભેટ આદિજાતિ પરિવારોને આપી હતી.

શ્રી ભૂપેન્દ્ર પટેલે પંચમહાલ જિલ્લાના શહેરા, ગોધરા, કાલોલ અને ઘોઘંબાના ૭૯ ગામોના ૧૩૦ તળાવમાં પાનમ જળાશયનું પાણી પહોંચાડવાની અંદાજે રૂપિયા ૪૦૬ કરોડની ઉદવવહન સિંચાઈ પાઈપલાઈન યોજનાનું લોકાર્પણ કર્યું હતું.

આ યોજનાના પરિણામે અંદાજે ૮૬ હજાર હેક્ટર વિસ્તારને સિંચાઈની સુવિધા મળતી થશે. પાનમ જળાશયમાંથી આ હેતુસર ૨૩૬ ફૂટ ઊંચાઈથી પાણી લિફ્ટ કરીને ૨૦૫ કિલોમીટર લાંબી વિતરણ પાઈપલાઈન મારફતે વહેવડાવવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાણીને જ વિકાસનો મુખ્ય આધાર ગણવાતા આ અવસરે કહ્યું કે, રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી બેલ્ટમાં અત્યાર સુધીમાં રૂ. ૩૧૬૦ કરોડના ખર્ચે ૧૧ ઉદવાહન સિંચાઈ યોજનાથી ૨ લાખ ૨૩ હજાર એકર જમીનને સિંચાઈ સુવિધા પૂરી પાડવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકારના આ વર્ષના ૪ લાખ કરોડ રૂપિયાના ઐતિહાસિક બજેટમાં પણ આદિવાસી વિસ્તારોમાં સિંચાઈની સગવડ આપવા ૪૮૫ કરોડ રૂપિયાની જોગવાઈ લિફ્ટ ઈરિગેશન માટે સુનિશ્ચિત કરી છે.

એટલું જ નહિ, છોટાઉદેપુર, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં નર્મદા આધારિત લિફ્ટ ઈરિગેશનથી ૧૮ તાલુકાઓના ૫૧,૪૮૦ હેક્ટર જમીન વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈ માટે પાણી પૂરું પાડવાનું પ્રાવધાન કર્યું છે. તેમણે પંચમહાલ અને દાહોદ જિલ્લાઓમાં મુખ્યત્વે આરોગ્ય, શિક્ષણ, રોડ નેટવર્ક, પાણીની સુવિધાના વિકાસ કામોની ભેટ આપી હતી.

વડાપ્રધાનશ્રીએ જાહેર કરેલા આકાંક્ષી જિલ્લાઓ-એસ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટમાં સમાવેશ થયેલા દાહોદ જિલ્લાને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં લીડ લેનારો ઈન્સ્પિરેશનલ ડિસ્ટ્રિક્ટ બનવાનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આહવાન કર્યું હતું.

આ લોકાર્પણ અને ખાત મુહુર્ત અવસરે મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, રાજ્ય મંત્રીશ્રી રમેશભાઈ કટારા અને પી. સી. બરંડા, સાંસદશ્રી રાજપાલસિંહ જાદવ, શ્રી જશવંતસિંહ ભાભોર, રાજયસભા સાંસદશ્રી ડૉ. જસવંતસિંહ પરમાર, બંને જિલ્લાના ધારાસભ્યોશ્રીઓ, સ્થાનિક પદાધિકારીઓ, બંને જિલ્લાના કલેક્ટરશ્રીઓ સહિતના વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ તેમજ વિશાળ સંખ્યામાં આદિજાતિ પરિવારો સહભાગી થયા હતા.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in